**રેગ્યુલર દીવાની દાવા નં. ૨૦૦/૨૦૧૪.**

**-:: આંક ૧ લગત હુકમ ::-**

સદર કામે રેકર્ડ વંચાણે લઈએ તો, આ દાવો તા.૧૯/૦૯/૨૦૧૪ ના રોજ દાખલ થયેલ છે તથા દાવા કામે આંક-૫ ની દરમયાન મનાઈ હુકમ મેળવવાની અરજી પણ આજ દીવસે દાવા સાથે રજુ થયેલ છે. આ કામે આ દાવો દાખલ થયા તારીખ થી આંક-૫ ની સુનાવણી તથા આગળની કાર્યવાહી માટે ચાલી આવે છે. આમ, દાવા કામે પોતાની આંક-૫ની દરમયાન મનાઈ હુકમ મેળવવાની અરજી પેન્ડીંગ હોવા છતા વાદી આ દાવા કામે અગાઉ પણ નીયમીત હાજર નહી રહેલ હોવાનુ જણાય આવે છે. આ કામે દાવો દાખલ થયા તારીખ થી તારીખ ૧૨.૦૭.૨૦૨૨ સુધી એટલે કે **૦૯ વર્ષ સુધી** આ કામ પ્રતીવાદી નંબર ૧ ના નવા સરનામા તથા પ્રતીવાદી નંબર ૨ ના જવાબ માટે અને તયારબાદ થી સતત આજ દીન સુધી પ્રતીવાદી નંબર ૧ નુ નવુ સરનામુ રજુ થવાના તબકકે ચાલી આવે છે. આમ, આ કામ દાખલ થયા બાદથી બજવણી માટે જ ચાલી આવે છે અને તે માટે રોજકામ મુજબ વાદીને ન્યાયના હીતમા કોઈપણ અરજ અહેવાલ કે રીપોર્ટ વગર જ તારીખો અને સમય અપાયેલ છે. આમ, વાદીએ આ દાવો દાખલ થયા બાદથી આજદીન સુધીના સંપૂર્ણ સમય દરમયાન આ અદાલત સમક્ષ પોતાની વચગાળાની મનાઈ અરજી પેન્ડીંગ છે તે અંગે કોઈ રજુઆત કરેલ નથી કે પોતાના પક્ષ ની આગળની કાર્યવાહી માટે કે પુરાવા રજુ કરવા પણ હાજર રહેલ નથી. આમ વાદી જાતે કે પોતાના માહીતગાર વકીલશ્રી મારફતે આ અદાલત સમક્ષ હાજર રહેલ નહી . તેમ છતા અમો નીચે સહી કરનારે આ અદાલતનો ચાર્જ સંભાળ્યા બાદથી વાદીને ન્યાય ના હીતમા વધુ એક તક આપવાના હેતુ થી વધુ બે મુદતોનો સમય મંજુર કરવામા આવેલ હોવા છતા વાદી હાજર રહેલ નહી કે તે માટે કોઈ યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજી પણ વાદી પક્ષ તરફથી રજુ થયેલ નહી.

આ કામે વાદી તરફે વકીલ તરીકે રહેલ વકીલશ્રી એમ.આઈ.બહમભટટનાઓ દ્રારા આ કામે વાદી તરફેથી છુટા થયાની નોટીસ વાદીને તારીખ ૧૮.૧૦.૨૪ ના રોજ રજીસ્ટર એ.ડી થી અપાયેલ છે.વાદી ના વકીલ છુટા થતા આ કામે બાય કોર્ટ વાદીને તારીખ ૨૦.૧૨.૨૪ તથાતારીખ ૧૯.૪.૨૫ના રોજ ની નોટીસ ઈસ્યુ કરવામા આવેલ છે . જેમા વાદી વિક્રમભાઈને કોઈ ઓળખી બતાવતુ ના હોય તેવો શેરો આવેલ છે જયારે વાદી જયોત્સનાબેન તથા પુનમચંદ વતી થી તેમના

દીકરા પુથ્વીભાઈએ આ નોટીસો સ્વીકારેલ છે.આમ બજવણી પછીથી પણ વાદી આ કામે હાજર થયેલ નથી કે નવા વકીલશ્રી રોકી આગળ કાર્યવાહી કરવા કોઈ પ્રોસેસ કરેલ છે, આમ નોટીસો બજેલ છતા વાદી આ અદાલત સમક્ષ હાજર થયેલ નથી. આમ ના તો વાદી જાતે કે વકીલશ્રી મારફતે હાજર રહે છે , અને નાતો પોતાની દાવા અરજીના સરનામા પર મળી આવેલ છે. આમ, અનેકાનેક તકો આપવા છતાં વાદી દાવા કામગીરી આગળ ચલાવવાના હેતુસર આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે આવી ગેરહાજરી હેતુ કોઈ રજુઆત કરતી કે યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજીઓ પણ તેમના પક્ષે રજુ થયેલ નથી. આમ, દાવામા દાવા દાખલ તારીખ થી સમય થી ગણવામા આવે તો અનુક્રમે ૧૦ વર્ષ–૧૧ માસ જેટલો સમય વ્યતીત થયેલ હોવા છતા , વાદી પોતાના દાવા પ્રત્યે કાળજી દાખવી પોતાના પક્ષનો પુરાવો સમયસર રજુ કરવામા નીષ્ફળ નીવડેલ છે.આમ,ઉપરોકત ચર્ચા મુજબ વારંવાર અનેકાનેક તકો આપવા છતાં, આજરોજ વાંરવાર પોકાર કરાવવા છતા, વાદીએ આજદીન સુધી પોતાનો પુરાવો રજુ કરેલ નથી કે દાવા કામે આગળની કાર્યવાહી હેતુ જાતે કે માહીતગાર વિ.વકીલશ્રી મારફતે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી, કે આ માટે કોઈ યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજી પણ રજુ થયેલ નથી.

આ કામે આ અદાલત એ નોંધવુ આવશયક સમજે છેકે, આ કામે પ્રતીવાદી નંબર ૨ દ્રારા પ્ર તીવાદી નંબર ૧ વીરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમા સીવીલ અપીલો (કનેકટેડ મેટરો) દાખલ કરેલ છે જે આ કામે તારીખ ૩૧.૧૦.૧૫ ના રોજ એક એફીડેવીટ રુપમા આંક–૩૦થી રજુ થયેલ છે તેની સાથે ચાર કાગળોનુ દસ્તાવેજી લીસ્ટ આંક–૩૧ થી રજુ છે. એ લીસ્ટમાના માર્ક ૩૧/૩ થી સીવીલ એપ્લીકેશન નંબર ૯૫૦૬/૨૦૧૫( અપીલ ફોર્મે ઓર્ડર ) નં. ૩૮૦/૨૦૧૪ થી રજુ છે જેમા આ વાદીને પ્રતીવાદી નંબર ૧૦ થી દાખલ કરવામા આવેલ છે.આ માત્ર અરજી રજુ થયેલ છે જેમા આ કામના પ્રતીવાદી નંબર ૨ નાઓએ જોડેલ પ્રતીવાદી નંબર ૧૦ થી ૨૭ ની તરફેણમા આ વીલા કરી આપવાની પણ રજુઆત કરેલ છે. જે અરજી મંજુર થયેલ છેકે કેમ ? તેમા દાદ મુજબ આ વીલાનો કબ્જો આ કહેવાતા પ્રતીવાદીઓ અને આ અદાલતમા દાખલ વાદીઓને મળી ગયેલ છે કે કેમ તેવી એકપણ પક્ષે અહી રજુઆત કરેલ નથી. આ કનેકટેડ મેટરમા – અપીલો તળે નામદાર હાઈકોર્ટ દ્રારા તારીખ ૨૪.૦૯.૧૪ ના હુકમ મા નોંધેલ છેકે,આ કામે તમામ અસરકર્તાઓને આ કામે જાહેર નોટીસ મારફતે જાણ કરી , આ અપીલ કામે દાખલ કરવા તથા રજુ માર્ક ૩૨/૪ ના તારીખ ૧૭.૦૮.૧૫ના હુકમ મુજબ આ હાથ પરના કામ ના પ્રતીવાદી નંબર ૧ વીરુધ્ધ લીકવીડેશનની પ્રક્રીયા પણ કરાયેલ છે.

આ હુકમ થયા તારીખ બાદથી આ અરજદાર–વાદી તે અપીલમા જોઈંટ થયેલ છેકે કેમ ? તેમા અપીયર થઈ કોઈ અસરકારક કામગીરી કરેલ છેકે કેમ? નામદાર કોર્ટ માથી કોઈ આદેશાત્મક હુકમ મેળવેલ છે કે કેમ ? તે પણ આટલા સમય સુધી જાહેર કરેલ નથી.કે આ કામે પણ કામ આગળ ધપાવવા હાજર રહેલ નથી. આમ વાદીએ તદન બેજવાબદાર રીતે વર્તન કરેલ છે.

આમ ઉપરોકત તમામ ચર્ચા, તારણો અને કારણો ધ્યાને લેતા એમ જણાઈ આવે છે કે વાદી પોતાના દાવા પ્રત્યે લેશમાત્ર ગંભીર નથી અને તેને દાવામા કોઈજ પ્રકારનો રસ નથી, તથા વાદીએ કે તેમના વિ.વ.શ્રીએ આ સમગ્ર સમયગાળા દરમ્યાન એકબીજાનો સંપર્ક કરેલો હોય તેવું પણ જણાતું નથી અને વાદી નુ દાવા અરજીમા જણાવેલ સરનામુ જોતા, વાદી સ્થાનીક અમદાવાદ નાજ રહેવાસી હોય ,તેથી જો ખરેખર વાદીને દાવો ચલાવવામાં રસ હોય, કે વાદી ન્યાયની ઝંખના સેવતો હોત તો વાદી આ સમય દરમયાન ચોકકસ પુરાવો આપી શકયા હોત. આમ છતાં વાદી પુરાવો રજુ કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે અને વાદીને પોતાના દાવામાં કોઈ જ રસ હોય તેમ જણાઈ આવતુ નથી.

આવા સંજોગોમાં વાદી તરફે દાવામાં તેમના બેદહ પ્રમાદીપણા, દાવા પ્રત્યેની નિરસતા અને ઉદાસીનતા ધ્યાને લેતા તથા આ દાવો વર્ષ–૨૦૧૪મા દાખલ થયેલ અગીયાર વર્ષ ઉપરાંતની જુની મેટર હોય, પક્ષકારો જાતે કે તેમના વિધવાનવકીલશ્રી મારફતે દાવાના કામે હાજર રહેતા ના હોય, એવા સંજોગોમા આ અદાલત એમ માને છે કે આ દાવામાં હવે, ન્યાયના હીતમા વધુ મુદત આપી શકાય નહી . આથી આંક–૧ લગત હુકમ ફરમાવી વાદીનો દાવો ડીસમીસ ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુસન કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવમાં આવે છે.

–:: હુકમ ::–

૧) વાદીનો દાવો સીવીલ પ્રોસીજર કોડ ના હુકમ–૯ નિયમ–૩ મુજબ વાદીની ગેરહાજરી સબબ કાઢી નાખવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૩) વધુમા સ્પષ્ટતા કરવામા આવે છેકે, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા કરાતો કોઈપણ હુકમ આ અદાલતને બંધનકર્તા હોય તેમજ પક્ષકારોને પણ બંધનકર્તા હોય, એ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા થયેલ કે થનાર કોઈ પણ હુકમ અનુસાર કાર્યવાહી કરી શકવા પક્ષકારો મુકત રહેશે.

**રેગ્યુલર દીવાની દાવા નં. ૨૦૦/૨૦૧૪.**

**આંક ૧ લગત હુકમ**

આજ તારીખ ૨૫મી જુલાઈ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા. ૨૫–૦૭–૨૦૨૫ (એફ.એન.સોલંકી)
ગાંધીનગર. ત્રીજા અધિક સીવીલ જજ–ગાંધીનગર
(જજ કોડ–જીજે.૦૧૫૫૨)